દાખલ તારીખ:– ૦૪/૧૦/૨૦૨૨
રજીસ્ટર તારીખ:– ૦૪/૧૦/૨૦૨૨
નિકાલ તારીખ:– ૧૭/૧૦/૨૦૨૨
સમયગાળો:– વર્ષ– માસ– દિવસ–
૦૦ ૦૦ ૧૩

**મે.કચ્છ જિલ્લાના ચોથા, અધિક સત્ર ન્યાયાધિશ (કું.આર.એ.નાગોરી) સાહેબની કોર્ટમાં, મુ.ગાંધીધામ–કચ્છ.**

ક્રિમીનલ પરચુરણ અરજી નં.૫૧૫/૨૦૨૨
આંક–

**અરજદાર/આરોપીઓ:–**
**૧. જશોદાબેન અરૂણકુમાર ચૌહાણ**
ઉ.વ.૪૮, ધંધો: ઘરકામ,

**૨. અરૂણકુમાર રણછોડભાઈ ચૌહાણ**
ઉ.વ.૫૨, ધંધો: વેપાર,
બન્ને રહે. ધારણેધરની પાછળ, વાસણા,
મુ.અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–**
શ્રી સરકાર

**બાબત:–ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીન મેળવવા બાબત અરજી**

**અરજદારો તરફે વિ.વ.શ્રી બી.જે.જોષી, વિ.વ.શ્રી એમ.એ.રાઠોડ**
**સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી કું.એચ.પી.ગઢવી**

**:: જજમેન્ટ ::**

**(૧)** જામીન અરજી તથા અરજદારો તરફે રજૂ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. તપાસ કરનાર અમલદાર દવારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું, પોલીસ તપાસના પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ.એ.રાઠોડને તથા સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી કું.એચ.પી.ગઢવીને સાંભળ્યા.

(૨) હાલના અરજદાર/આરોપીઓ તરફે આદીપુર પો.સ્ટે. એફ.આઈ.આર. નં.૧૧૯૯૩૦૦૨૨૨૦૪ ૬૪/૨૦૨૨ (તા.૨૩/૦૯/૨૦૨૨) ઈ.પી.કો. કલમ–૫૦૬(૨),૫૦૭,૫૦૪,૧૧૪ મુજબના ગુન્હાના કામે ત.ક.અમલદારનાઓ અરજદારોની ધરપકડ કરે તેવી પૂરેપૂરી પાકી અને વાજબી દહેશત હોઈ, સદર ગુનાના કામે આગોતરા જામીન પર મુકત થવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ મુજબ હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે જામીન મુકત થવા માટે જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત સ્વરૂપે ઉપલબ્ધ હોઈ તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોય, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તે તમામ કારણો વંચાણે લઈ ધ્યાને લીધેલ છે.

(૩) અરજદાર/આરોપીઓ સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતા, સદર કામે બનાવ બનેલ તેના ત્રણેક દીવસ પહેલા ફરીયાદીના પિતા તથા કાકાને અરજદાર નં.૧ નાએ રાખડી મોકલેલ તે બાબતે બોલાચાલી થતા તેનું મનદુ:ખ રાખી, તા.૧૨–૮–૨૦૨૨ ના રોજ બપોરના કલાક ૧.૨૭ વાગ્યે અરજદાર નં.૧ નાએ ફરીયાદીના મોબઈલ ઉપર મો.નં.૮૮૬૬૩૭૫૫૩૦ વાળા પરથી ફોન કરી '' આજ પછી દાદાગીરી કરી છે તો જમીનની અંદર ગાડી દઈશ, હું નવરાત્રીમાં આવું છું તૈયારી રાખજે તારું ગળુ કાપી નાખીશ'' તેમ કહી તથા અરજદાર નં.૨ નાએ તે જ દીવસે બપોરના ૨.૦૭ વાગ્યે ફરીયાદીના ફોન ઉપર મો.નં.૬૩૫૨૧૬૩૮૬૪ વાળા પરથી ફોન કરી ''તારામાં કોઈ દાદાગીરી હોયને તો કાઢી નાખજે નહીંતર પાંચ મીનીટ નહી લાગે'' તેમ કહી, અરજદારોએ ફરીયાદીને ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, અરજદારો સદર ગુનાના કામે સંડોવાયેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે.

(૪) અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ.એ.રાઠોડે દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારોએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. અરજદારોને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ છે. અરજદારોએ ફરીયાદીને ફોન ઉપર કે રૂબરૂ મારી નાખવાની ધમકી આપેલ નથી. અરજદારોના માતાએ ફરીયાદી તેમજ તેઓના પિતા વિરુધ્ધ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ કરેલ હોઈ, તેથી દબાણ લાવવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદમાં અરજદારોના કોઈ ફોન નંબર જણાવેલ નથી કે તપાસ કરનાર અધિકારીએ પણ તેવા ફોન નંબર અંગે કોઈપણ તપાસ કર્યા વગર અરજદારોને હાલના ગુનાના કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે. સદર કામે ટ્રાયલ ચલાવવાની સતા જયુડી.મેજી.ફ.ક.શ્રીની અદાલતને રહેલી

છે અને સદર ગુનાના કામે ૭ વર્ષની કેદની સજાની જોગવાઈ છે. અરજદાર નં.૧ બાઈ માણસ છે. અરજદારો સમાજમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. જો અરજદારોની વિના કારણે સદર ગુનાના કામે ધરપકડ કરવામાં આવે તો તેમની પ્રતિષ્ઠાને નુકશાન જાય તેમ છે. અરજદારો અમદાવાદના રહેવાસી છે અને પોતાની માલીકીની મીલકતો ધરાવે છે. અરજદારો નાશીભાગી જાય તેમ નથી. અરજદારો પોલીસ તપાસમાં સહકાર આપવા તૈયાર છે. અરજદારો નામ. અદાલત ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી, સદર તમામ હકીકતો તેમજ નામ.સર્વોચ્ચ અદાલતે સિધ્ધરામ સતલીંગપ્પા મ્હેત્રે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર તથા ગુરુબક્ષ સીંગ સીબ્બીઆ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારોને યોગ્ય શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલ છે.

**(૪.૧)** ફરીયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી કું.એચ.પી.ગઢવીએ જામીન અરજીનો વિરોધ કરી મહદઅંશે તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ સોગંદનામાની વિગતો રીફર કરી રજૂઆત કરેલ છે કે અરજદારો વિરુધ્ધ ફરીયાદ મુજબનો પ્રથમદર્શનીય ગુનો બને છે. અરજદારો વિરુધ્ધ ફોન ઉપર ધાકધમકી કર્યાનો આક્ષેપ છે. અરજદારોએ વોટસએપ દવારા પણ ધાકધમકી કરેલ છે, જે પોલીસ પેપર્સમાં રજુ થયેલ છે. અરજદારો ફરીયાદી વિરુધ્ધ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ થયેલ હોવાનું જણાવે છે, પરંતુ તે અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી. સદર કામે પોલીસ તપાસ ચાલુ છે. અરજદારોને જામીન મુકત કરવાથી તેઓ ફરીયાદપક્ષના સાહેદોને લોભ, લાલચ, ધાક–ધમકી આપી ફરીયાદપક્ષના કેસને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. વધુમાં, અરજદારોને જામીન મુકત કરવામાં આવે તો તે ટ્રાયલ વખતે હાજર ન રહે તેવી પણ શકયતા રહેલી છે. વધુમાં, અરજદારોને જામીન મુકત કરવાથી ફરીથી આ પ્રકારના ગુનાઓ કરે તેવી પણ સંભાવના રહેલી છે. જેથી, સદર તમામ હકીકતો તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને લઈ અરજદારોની હાલની આગોતરા જામીન મેળવવા અંગેની અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** પક્ષકારોની રજૂઆત તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઈપણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવો કે કેમ તે બાબત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ ની જોગવાઈ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સતાને આધીન રહેલી છે અને આવી વિવેકબુધ્ધિની સતા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપીઓ

વિરુધ્ધ આક્ષેપીત ગુનાના કામે રજૂ આગોતરા જામીન અરજી નિર્ણિત કરતી વખતે આક્ષેપીત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઈ ઉપરાંત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, ગુનાના કામે અરજદાર/આરોપીઓની ભૂમિકા, અરજદાર/આરોપીઓનો પૂર્વ ગુનાહિત ઈતિહાસ, ટ્રાયલ દરમ્યાન આરોપીઓની હાજરી મળી આવવાની સંભાવના, અરજદાર/આરોપીઓને આગોતરા જામીન પર મુકત કરવાથી પોલીસ તપાસને થનાર અસર, સમાજ પર ગુનાની અસર વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે. સદર કામે ફરીયાદ મુજબ, બનાવ બનેલ તેના ત્રણેક દીવસ પહેલા ફરીયાદીના પિતા તથા કાકાને અરજદાર નં.૧ નાએ રાખડી મોકલેલ તે બાબતે બોલાચાલી થતા તેનું મનદુઃખ રાખી, તા.૧૨–૮–૨૦૨૨ ના રોજ બપોરના કલાક ૧.૨૭ વાગ્યે અરજદાર નં.૧ નાએ ફરીયાદીના મોબઈલ ઉપર મો.નં.૮૮૬૬૩૭૫૫૩૦ વાળા પરથી ફોન કરી '' આજ પછી દાદાગીરી કરી છે તો જમીનની અંદર ગાડી દઈશ, હું નવરાત્રીમાં આવું છું તૈયારી રાખજે તારું ગળુ કાપી નાખીશ'' તેમ કહી તથા અરજદાર નં.૨ નાએ તે જ દીવસે બપોરના ૨.૦૭ વાગ્યે ફરીયાદીના ફોન ઉપર મો.નં.૬૩૫૨૧૬૩૮૬૪ વાળા પરથી ફોન કરી ''તારામાં કોઈ દાદાગીરી હોયને તો કાઢી નાખજે નહીંતર પાંચ મીનીટ નહી લાગે'' તેમ કહી, અરજદારોએ ફરીયાદીને ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, અરજદારો સદર ગુનાના કામે સંડોવાયેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. જો કે, સદર કામે ફરીયાદની હકીકતના પરિપ્રેક્ષ્યમાં તપાસ કરનાર અમલદારનું સોગંદનામું લક્ષમાં લેતા, પોલીસ તપાસના કામે અરજદારોની હાજરી અનિવાર્ય હોવાનું જણાઈ આવતું નથી. આમ, સદર હકીકતને સમગ્ર પણે લક્ષમાં લેતા, અરજદારોને કસ્ટડીમાં રાખવા અનિવાર્ય હોય તેવા કોઈ સંજોગો રેકર્ડ ઉપરથી જણાતા નથી.

**(૫.૧)** વધુમાં, એક તબકકે ગુના સંદર્ભે તપાસના કામે અરજદાર/આરોપીઓના રીમાન્ડની જરૂર પડે તો તપાસ કરનાર અમલદારશ્રી અરજદારોના રીમાન્ડની કાર્યવાહી સંબંધિત મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ કરી શકે તેમ છે તથા જો તેવી માંગણી કરવામાં આવે તો વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ સ્વતંત્ર રીતે કેસના ગુણ–દોષને આધીન તેનો નિર્ણય કરવાનો રહેશે તેવા અવલોકન સાથે તથા તેવી શરતને આધીન જો સદર અરજી મંજુર કરવામાં આવે તો પોલીસને કોઈ વિપરીત અસર થવાની સંભાવના જણાતી નથી. વધુમાં, સદર કામે અરજદારોને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ફરીયાદપક્ષના સાહેદોને લોભ, લાલચ, ધાક–ધમકી આપી ફરીયાદપક્ષના કેસને નુકશાન કરે તેવી

શકયતા હોવાની, ટ્રાયલ વખતે હાજર ન રહે તેવી શકયતા હોવાની તથા ફરીથી આ પ્રકારના ગુનાઓ કરે તેવી શકયતા હોવાની ફરીયાદપક્ષ તરફે જે દહેશત વ્યકત કરેલ છે તે અંગે અરજદારો વિરુધ્ધ યોગ્ય શરતો લાદીને તેવી દહેશતનું નિવારણ કરી શકાય તેમ છે. જેથી, સદર તમામ હકીકતોને લક્ષમાં લઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમનાં વિવિધ ચુકાદામાં આગોતરા જામીન સંબંધિત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ અરજદારોની તરફેણમાં અદાલતની ન્યાયિક વિવેકબુધ્ધિનો ઉપયોગ શરતોને આધીન કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે તેવું રેકર્ડ પરના સંજોગો પરથી સ્પષ્ટ થતું હોઈ, જામીન અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

અરજદારોની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે. અરજદાર/આરોપીઓ ૧. જશોદાબેન અરૂણકુમાર ચૌહાણ તથા ૨. અરૂણકુમાર રણછોડભાઈ ચૌહાણ નાઓની આદીપુર પો.સ્ટે. એફ.આઈ.આર. નં.૧૧૯૯૩૦૦૨૨૨૦૪ ૬૪/૨૦૨૨ (તા.૨૩/૦૯/૨૦૨૨) ઈ.પી.કો. કલમ–૫૦૬(૨), ૫૦૭,૫૦૪,૧૧૪ મુજબના ગુન્હા અંગેની ફરીયાદના કામે જો આ ગુન્હાના ત.ક.અમલદાર દવારા ધરપકડ કરવામાં આવે તવા પ્રસંગે દરેક અરજદાર જો રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના સધ્ધર જામીન સહિતનાં જાતમુચરકા રજૂ કરે તો અરજદાર/આરોપીઓને નીચેની શરતોએ જામીન પર મુકત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

(૧) અરજદારોએ સૌપ્રથમ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ તેમજ ત્યારબાદ તેઓ વિરુધ્ધ ચાર્જશીટ રજૂ થતા સુધી દર માસની પહેલી તારીખે સંબંધિત પોલીસ સ્ટેશનમાં પોતાની હાજરી અચૂકપણે પુરાવવી.

(૨) અરજદાર/આરોપીઓએ પોલીસ તપાસમાં સહકાર આપવો.

(૩) અરજદાર/આરોપીઓએ આ કે અન્ય કોઈપણ ગુનાહિત કૃત્યમાં સંડોવણી થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૪) અરજદાર/આરોપીઓએ ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૫) અરજદાર/આરોપીઓએ તેઓનું કાયમી તથા હંગામી સરનામું પુરાવા સાથે ત.ક.અમલદારશ્રીને રજૂ કરવું તથા તેમાં ફેરફાર થયેથી તપાસ કરનાર અમલદારને તેની જાણ દિન–૭ માં કરવી.

(૬) તપાસ કરનાર અમલદારને અરજદારોનાં રીમાન્ડ મેળવવાની જરૂર જણાય તો તેઓ આ હુકમથી પ્રભાવિત થયા વગર તટસ્થ રીતે રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરી શકશે અને તેવી અરજી જો તપાસ કરનાર અમલદાર દવારા કરવામાં આવે તો વિ.મેજીસ્ટ્રેટશ્રીએ સ્વતંત્ર રીતે કેસના ગુણ–દોષને આધીન તેનો નિર્ણય કરવાનો રહેશે.

(૭) અરજદારો જો પાસપોર્ટ ધરાવતા હોય તો સંબંધિત અદાલતમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તેવી હકીકત સોગંદનામાંથી જાહેર કરવી.

(૮) અરજદાર/આરોપીઓએ ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

સદર હુકમની યાદી સંબંધિત અદાલતને તથા પોલીસ સ્ટેશનને લેખિતમાં મોકલવી.

આ હુકમ આજરોજ તારીખ–૧૭ મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૭/૧૦/૨૦૨૨
ગાંધીધામ–કચ્છ.

(રેહાના એ. નાગોરી)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જીજે ૦૦૫૭૮)